આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ,
ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં છઠ્ઠા
પગાર પંચના ઠરાવ અન્વયે રદ થયેલી જગ્યાઓ
સામે ૧૪૮ જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૧૮ સુધી ચાલુ
રાખવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૭/૬૮૯/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૧૦/૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૭/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ આવિ /આશા /૧/ફા.નં.૧૪૭૮/૨૦૧૭/૭૫૯.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૨/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૨/ન.બા-૧૧/ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૦૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૧૬/૭૨/ઘ

(૪) નાણા વિભાગનો તા.૧૮/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૧૦૨૦૧૦/૧૧૮/ઝ.૧

પ્રસ્તાવના :-

આશ્રમશાળાઓ/ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ/ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં છઠ્ઠા પગારપંચના ઠરાવ અન્વયેથી રદ થયેલી ૮૦૯ જગ્યાઓ સામે વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવ થી ૧૪૮ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ આ ૧૪૮ જગ્યાઓને પશ્ચાતવર્તી અસરથી ચાલુ રાખવાની મંજુરી આપવા તથા શિક્ષણ સહાયકની ૪૦ જગ્યાઓ પર રેગ્યુલર ભરતી ના થાય ત્યાં સુધી વૈકલ્પિક ધોરણે પ્રવાસી શિક્ષકની નિમણુંકને વંચાણે લીધા ક્રમાંક (૩)ના ઠરાવની શરતોને આધિન મંજુરી આપવા વંચાણે લીધા ક્રમાંક (૧) થી દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, આચાર્ય-૦૮, શિક્ષણ સહાયક-૪૦ અને વિદ્યા સહાયક-૧૦૦ એમ કુલ ૧૪૮ જગ્યાઓ અબેયન્સ મુક્ત કરી તા.૨૮/૦૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ જગ્યાઓ દર વર્ષે ચાલુ રાખવાની મંજુરી મેળવવાની રહેશે.

(૨) વંચાણે લીધા ક્રમાંક (૩)ના ઠરાવની જોગવાઇઓને આધિન શિક્ષણ સહાયકની ૪૦ જગ્યાઓ પર તાસદીઠ માનદવેતનથી પ્રવાસી શિક્ષકની નિમણૂંક કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )

સેકશન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી(આ.વિ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.

--------------------------

- પત્ર દ્વારા

D:\gh-3-\GH-2\RITABEN\Noting\AMS-2017-689-GH.docx